જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૧૨/૨૦૨૫ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૩૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૩ કેસ કરી, ૭૧ વ્યક્તિઓને ઝડપી, ૪૪૪ લીટર દેશી દારૂ, ૪૨૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૩૧૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૨ કાર અને ૦૧ ટેમ્પો ગાડી કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૮,૯૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૩૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૭૩૯/૨૦૨૫**

સાયબર ક્રાઈમઃ સેટેલાઈટ વિસ્તારમાં રહેતા નિવૃત આધેડ પુરૂષે તા.૦૯/૧૨/૨૦૨૫ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૧૦/૨૦૨૫ થી તા.૨૬/૧૧/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૯૫૨૭૨૫૦૯૯૬, ૯૭૬૩૨૮૯૭૨૮ અને ૯૫૫૯૪૬૧૭૧૫ ના ધારકોએ પરરૂપ ધારણ કરી વોટસઅપ કોલ તેમજ વિડિયો કોલ કરી જીયો કંપનીના એપ્લોયર તરીકે તેમજ સી.બી.આઇના અધિકારી તરીકે તેમજ મુબંઇ ક્રાઇમ બ્રાંચના પોલીસ અધિકારી તરીકની ઓળખ આપી નિવૃત આધેડનો મોબાઇલ નંબર જીયો ફાયબર બંધ થઇ જશે તેમજ તેમના આધાર કાર્ડથી તેમના નામથી અન્ય વ્યક્તિએ બેન્ક ખાતું ખોલેલ છે જેની ધરપકડ થયેલ છે અને આધેડ પુરૂષના મોબાઈલ નંબર ચાઈલ્ડ પોનોગ્રાફી તથા ઈલીંગલ ગેમ્બ્લીંગમાં ઉપયોગ થયેલ છે તેથી તેમની વિરૂધ્ધ ચાઈલ્ડ પોનોગ્રાફી તથા ઈલીંગલ ગેમ્બ્લીંગ જેવા ગંભીર ગુન્હા દાખલ થયેલ છે તેથી ધરપકડ કરવી પડશે પરંતુ તમો ઉંમર લાયક છો એટલે ધરપકડ કરીશુ નહી પરંતુ વિડીયો કોલ ઉપર ઇન્વેસ્ટીગેશન કરીશુ તેમ જણાવી વોટ્સએપમાં બનાવટી સુપ્રીમ કોર્ટ તથા ઇ.ડી.નો લેટર મોકલી આધેડ પુરૂષને ડરાવી આધેડ પુરૂષ પાસેથી બળજબરી પુર્વક બેન્ક ખાતામાં રહેલ રકમ ઇન્વેસ્ટીગેશનના ભાગરૂપે ટ્રાન્સફર કરવાનુ જણાવી ઇન્વેસ્ટીગેશન કરી દિન–૦૩ માં તે નાણાં રીફંડ મળી જશે તેવો ભરોસો આપી આધેડ પુરૂષના ખાતામાંથી તેઓના બેંક ખાતામાં કુલ રૂપિયા ૨૦,૫૩,૯૮૬/– આર.ટી.જી.એસ.મારફતે ભરાવડાવી તે નાણાં રીફંડ નહીં કરી આધેડ પુરૂષ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.વી.વાઘેલા ચલાવે છે.

નવરંગપુરાઃ સેટેલાઇટ વિસ્તારમાં રહેતા અને સી.જી.રોડ નવરંગપુરા ખાતે જવેલર્સની દુકાન ધરાવી ધંધો કરતા વેપારીએ તા.૦૯/૧૨/૨૦૨૫ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે રત્નાકર જવેલર્સના પ્રોપરાઈટર હરનેશકુમાર ચંપકલાલ શાહ (રહે. મંગલમ એપાર્ટમેન્ટ શ્યામલ સેટેલાઈટ) તથા તેમના પુત્ર હર્ષ હરનેશ શાહ તેમજ રત્નાકર જવેલર્સનુ સંચાલન કરનાર નિકેશ કિરીટ શાહ (રહે. સુકન હોમ્સ બેન્ક ઓફ બરોડા પાસે ન્યુ રાણીપ) નાઓએ ભેગા મળી શરૂઆતમાં વેપારી પાસેથી જાંગડ દાગીના ખરીદ કરી તેની સમયાંતરે કિમત ચુકવી વિશ્વાસ કેળવી માહે એપ્રીલ ૨૦૨૫ ના અરસામાં નવરંગપુરા ખાતે વેપારીની દુકાને આવી એક્ઝીબીશન સારુ જાંગડ દાગીના લઈ જવાનુ જણાવી વેપારી પાસેથી સોનાના દાગીના ૨૨ કેરેટના ૩૬૫૨.૪૭૦ ગ્રામ તથા ૧૮ કેરેટના ૨૯૯૪.૫૬૦ ગ્રામ અંદાજીત કિમત રૂપિયા ૬,૧૦,૦૦,૦૦૦/– જાંગડ તરીકે લઈ જઈ દાગીના કે દાગીનાની લેવાની થતી રકમ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.એ.ગઢવી ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૭૪૦/૨૦૨૫**

કૃષ્ણનગરઃ અશોકકુમાર પ્રભુદાસ પટેલ (ઉ.વ.૫૬) (રહે. ઉમિયા ધામ સોસાયટી સરદાર ચોક પાસે કૃષ્ણનગર) એ તા.૦૯/૧૨/૨૦૨૫ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૧૨/૨૦૨૫ કલાક ૧૧/૨૩ વાગ્યાના સુમારે એક પુરૂષ સોસાયટી ખાતે આવેલ અને ઉમિયા ધામ સોસાયટીના ગેટ પાસે ગોગા મહારાજના મંદિરમાંથી અલગ–અલગ કદની નવ ચાંદીની મૂર્તિ કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/– તથા છતર નંગ–૧૨ કિમત રૂપિયા ૨૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૨૦,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૭૪૧/૨૦૨૫**

રામોલઃ રામોલ સી.ટી.એમ ન્યુ મણીનગર રાધે ગ્રીન્સ નવી બનતી સાઈટ ખાતે મજુરી કામ કરતા અને ત્યાં જ રહેતા રાકેશ સ/ઓ થાઉ દેવડા (ઉ.વ.૩૦) (મુળ વતન. ગામ–બાવડી પીથનપુર જી–જાંબુવા મધ્યપ્રદેશ) તા.૦૯/૧૨/૨૦૨૫ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે સાઈટ ખાતે લોખંડની રેકડીમાં રેતી લઈને જતા હતા દરમ્યાન વિજ વાયર રેકડીને અડતા રાકેશ દેવડા નાઓને વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અશ્વીનકુમાર જગજીવનભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૭૪૨/૨૦૨૫**

ખાડીયાઃ રાકેશભાઇ પ્રહલાદભાઇ રાઠોડ (ઉ.વ.૬૦) (રહે. સિધ્ધનાથ એપાર્ટમેન્ટ ઘોડાસર) નાઓ પોતાના ઘરનું રિનોવેશન ચાલતું હોય પારેખની પોળ રાયપુર ચકલા રાયપુર ખાતે ભાઈના ઘરે રહેતા હોય અગમ્ય કારણસર તા.૦૯/૧૨/૨૦૨૫ સવારના ૯/૧૫ થી ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ભાઈના મકાનમાં પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખાડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જી.કે.આહીર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી